અપીલ અરજી નં.૨૪૨ તા .૩–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કિશોરભાઈ ડી.રૂપારેલીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોરભાઈ ડી.રૂપારેલીયાની તા.૩–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુચિત સતાધાર સોસાયટીમાં રહેલા " પશુઓના તબેલા " વિષે આપને કોઈ અરજી મળેલ છે કે નહીં ? અગર મળેલ છે તો છેલ્લા ચાર વર્ષમાં તેમના પર શું કાર્યવાહી કરેલ છે વિ.મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૪૨/૨૦૧૧–૧૨

શ્રી કિશોરભાઈ ડી.રૂપારેલીયાની તા.૩–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧ ) સુચિત સતાધાર સોસાયટીમાં રહેલા " પશુઓના તબેલા " વિષે આપને કોઈ અરજી મળેલ છે કે નહીં ? અગર મળેલ છે તો છેલ્લા ચાર વર્ષમાં તેમના પર શું કાર્યવાહી કરેલ છે વિ.મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી આપવા બાબત.એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/૩૫૮૧ તા. ૩૦–૮–૧૧થી મળેલ માહિતી સંતોષકારક નહી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તા. ૯–૦૩–૦૭ની અરજી મળેલ હોવા છતાં મુદ્દા નં.૧ અંગે ઈન્કાર માટે સ્પષ્ટતા કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૪ તા.૬–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમણે મુદ્દા નં.૪ વારંવાર અરજી આપેલ છે તે અંગે તા. ૯–૦૩–૦૭ની બીડેલ નકલ સિવાય કોઈ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/.આંન.૪૧૫૭ તા.૨૦–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૫૮૧ તા.૩૦–૮–૧૧ ના પત્રની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૧૩૯ તા.૨૦–૯–૧૧ના પત્રની નકલ, કિશોર રૂપારેલીયાની તારીખ વગરની અને સ્વીકાર્યા વગરની મેયરશ્રીને સંબોધેલ અરજીની નકલ, તા.૩–૧૧–૦૭ ના રોજ ગેરકાયદેસર બાંધકામ બાબતે જમનભાઈ હિરજીભાઈ પટેલની અરજી ,તા.૧૪–૩–૦૭ ના રોજ ગેરકાયદેસર બાંધકામ બાબતે વ્રજભુમિ રો હાઉસના મંત્રી અરજીની નકલ, ઓમ પાર્ક સોસા.ની ગેરકાયદેસર તબેલાઓ અંગે ૭–૩–૦૭ ની અરજી તથા ૭–૩–૦૭ ની તબેલાઓ ધ્વારા થતી ગંદકી બાબતની મીરાનગર સોસા.ની અરજીની નકલ તથા હસમુખભાઈ બી પટેલની તા.૮–૨–૦૬ ની ગેરકાયદેસર બાંધકામની અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩–૯–૧૧ નો મુદ્દા નં.૧ થી ૨ ની રજૂઆત કરતા પત્રની નકલ અત્રે મળેલ છે. જેની સાથે અરજદારે તા.૯–૩–૦૭ ની અરજીની નકલ રજૂ કરેલ છે. તથા મુળ અરજીની નકલ ફી ની વિગત રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૮–૧૧ ની અરજીથી સુચિત સત્તાધાર સોસા. માં રહેલા,ઢોરોના તબેલાઓ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૫૮૧ તા.૩૦–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.૧ સુચિત સતાધાર સોસાયટીમાં રહેલા " પશુઓના તબેલા " વિશે આપને કોઈ અરજી મળેલ છે કે નહીં ? અગર મળેલ છે તો છેલ્લા ચાર વર્ષમાં તેમના પર શું કાર્યવાહી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય વિભાગની કતારગામ વોર્ડ વિસ્તારમાં આવેલ સતાધાર સોસા.માં રહેલા પશુઓના તબેલા વિશે છેલ્લા ચાર વર્ષમાં અરજી મળેલ નથી. પરંતુ પશુઓના તબેલાના માલિકો પર કોર્ટ કેસ વહીવટી પરચુરણ ખર્ચે અને ચેતવણી વિગેરે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. કરેલ કામગીરીની વિગત તા.૧૪–૭–૧૧ ના રોજ રૂા.૧૦૦૦/– વ.પ.ખર્ચ, તા.૧૭–૭–૧૧ ના રોજ રૂા.૧૦૦૦/– વ.પ. ખર્ચ તા.૧૮–૭–૧૧ ના રોજ રૂા.૨૦૦૦/– વ.પ. ખર્ચની વસુલાત કરી છાણનો નિકાલ લોડર ટ્રક ધ્વારા કરવામાં આવેલ છે. સદર જગ્યાએ જંતુનાશક દવાનો છંટકાવ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ પશુઓના રહેઠાણવાળા વિસ્તારમાં તબેલા હોવાથી આરોગ્ય બાબત ગંભીર હોય પશુઓ ધ્વારા ફેલાતા નવા તથા જુના રોગો પ્રત્યે મનપા ગંભીર છે કે નહીં. અગર હા તો રોગોના અટકાવ માટે શું કાર્યવાહી કરેલ તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મહાનગરપાલિકા ધ્વારા "લેપ્ટોસ્પાયરોસી" રોગ સામે અટકાયતની નોટીસ તથા ગંદકી થતાં જંતુનાશક દવાનો છંટકાવ તેમજ ઈસમો પાસેથી વહીવટી પરચુરણ ખર્ચની વસુલાત કરી

છાણનો નિકાલ સુમપા ધ્વારા કરવામાં આવેલ છે તેમજ કલમ–૨૬૯ ની નોટીસ પણ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ છેલ્લા ચાર વર્ષથી પશુઓ ધ્વારા પશુઓ ધ્વારા ફેલાતા લેપ્ટોસ્પાયરોસી તથા વાયરસ રોગો ન ફેલાય તે માટે શું પગલા લીધેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા ચાર વર્ષથી મનપા ધ્વારા "લેપ્ટોસ્પાયરોસી" રોગ સામે અટકાયતની નોટીસ તથા ગંદકી થતાં જંતુનાશક દવાનો છંટકાવ તેમજ ઈસમો પાસેથી વહીવટી પરચુરણ ખર્ચની વસુલાત કરી છાણનો નિકાલ સુમપા ધ્વારા કરવામાં આવેલ છે તેમજ કલમ–૨૬૯ ની નોટીસ પણ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સુચિત સતાધાર સોસા. (આંબાતલાવડી, અંકુર વિદ્યાલયની બાજુમાં આવેલ છે વારંવાર અરજી આપેલ છે છતા શા માટે કાર્યવાહી થતી નથી તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૩ મુજબની કાર્યવાહી કરાવવામાં આવેલ છે. રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતીજ આપવાની રહે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી તા.૩–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલમાં પુછેલ પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારી તરફથી એન.ઝેડ/આ.નં.૪૧૩૯ તા.૨૦–૯–૧૧ થી સ્પષ્ટતા કરવા સાથે અરજદારને પૂરક માહિતી પૂરી પાડેલ છે. જેમાં પ્રશ્ન નં.(૧) પુછેલા પ્રશ્ન પશુઓના તબેલા અરજી મળેલ છે કે નહીં જેનો ઉત્તર ખોટો મળેલ છે જે આ સાથે કોપી જોડાણ કરેલ છે તો માહિતી અધિકારીશ્રી ઉપર કોઈ કાર્યવાહી થશે કે નહીં કામગીરીની વિગત. તેવા પુછેલા પ્રશ્ન અન્વયે તબેલા માટેની અરજી સંદર્ભે અરજદારના અસંતોષ બાબતે જણાવવાનું કે આરોગ્ય વિભાગને લાગત મુદ્દાઓ અંગે ઉપલબ્ધ માહિતી આધારે જ પૂર્તતા કરાતી હોય છે. તથા આરોગ્ય વિભાગને લગતી કામગીરી દર વર્ષે રૂટિન મુજબ અવાર નવાર સફાઈ કામગીરી તેમજ જંતુનાશક દવાનો છંટકાવ તેમજ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. અને અરજદારે જણાવ્યા મુજબની અરજી તા.૯–૩–૦૭ સંદર્ભે તેઓએ આરોગ્યને ધ્યાનમાં રાખી "દબાણ" દુર કરવાની અરજી કરેલ હતી. તેવું જણાવેલ છે. પ્રશ્ન નં.૧ (અ) ફકત ૨૦૧૧ ના સાતમાં માહિનામાં થયેલ છે તે કંઈ વાજબી છે. તેવા પુછેલ પ્રશ્ન બાબતે કતારગામ વોર્ડમાં ઉપલબ્ધ માહિતી અન્વયે વર્ષે –૨૦૦૭ માં કુલ સાત (૭) ઈસમો સામે તેમજ વર્ષ –૨૦૦૮ માં કુલ સાત (૭) ઈસમો સામે કોર્ટ ફરીયાદ દાખલ કરેલ હતી અને દર વર્ષે આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ જંતુનાશક દવાનો છંટકાવ તથા કાર્યવાહી વિગેરેની કામગીરી અવાર નવાર કરવામાં આવતી હોય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧(બી) કોર્ટ કેસ કયા પ્રકારનો કેસ કરેલ છે? પરચુરણ ખર્ચ ફકત –૨૦૧૧ ના સાતમાં મહીનામાં જ કરેલ છે ત્યાર પહેલા અથવા પછી કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી. તેવા પુછેલા પ્રશ્ન બાબતે મ્યુ. કોર્ટમાં ન્યુસન્સ અંગે ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સને ૨૦૦૭ માં કુલ–૭ (સાત) કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય સદર વર્ષમાં વહીવટી ખર્ચ કતારગામઝોન ખાતે વસુલ લેવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) છાણનો નિકાલ કરવામાં આવેલ છે પરંતુ છાણનું ઉત્પાદન રોજ રોજ થતું હોય નિયમિત થતું નથી જેમનો ઉલ્લેખ કરેલ નથી. જંતુનાશક દવાનો છંટકાવ કરેલ છે. કયારે અને કેટલા દિવસે થાય છે તે પણ જણાવેલ નથી તો નાગરિકને વિગતવાર સંતોષકારક જવાબ મળેલ નથી. તો વિગતવાર માહિતી આપશો. તેવા પુછેલ પ્રશ્ન બાબતે આરોગ્ય ખાતાની રોજ રોજ વિવિધ પ્રકારની આરોગ્યલક્ષી કામગીરી કરવાની હોય છે તે સાથે તબેલા અંગેના છાણનો નિકાલ માટે નોટીસ , કોર્ટકેસ, વ.પ.ખર્ચ વિ. ચોકકસ સમયે કે તારીખે નહીં પરંતુ જે તે સમયે કામની જરૂરીયાત મુજબ સમયાંતરે કામગીરી કરવામાં આવતી હોય છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને અપીલના પુછેલ પ્રશ્નની પૂર્તતા જાહેર માહિતી અધિકારીએ કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતા સહ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩–૮–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કિશોરભાઈ ડી.રૂપારેલીયા